પી. ભારતી, આઈ.એ.એસ.
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર &
કમિશ્નર, પ્રાથમિક શિક્ષણ

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા
સેકટર–૧૭, ગાંધીનગર
ફોન નંબરઃ (૦૭૯) ૨૯૬૪૩૧૩૩
ઈમેલ :

પત્રક્રમાંક: એસ.એસ.એ/ક્યુઇએમ/2021 / ૧૬૪૨૦–૪૨૬ તા. ૨૪/૫/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા – તમામ.

પ્રતિ,
જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડીનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા – તમામ,
શાસનાધિકારીશ્રી-અમદાવાદ,રાજકોટ,વડોદરા,સુરત.

**વિષય : આપત્તિ જોખમ વ્યવસ્થાપનનો બેઝીક ઓનલાઇન કોર્સમા જોડવવા બાબત.**

ઉપરોકત વિષય અનુસંધાને જણાવવાનું કે શિક્ષણ વિભાગ અને ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન સંસ્થા (GIDM) દ્વારા વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. જે અંગે GIDMના સહયોગ દ્વારા ( કુદરતી આપત્તિઓ અને વિપત્તિઓ સામે શાળાઓની સલામતીનાં ભાગરુપે ) બી.આર.સી.કો.ઓ.,સી.આર.સી.કો.ઓ., મુખ્યશિક્ષકો અને શિક્ષકોને જિલ્લા કક્ષાએ વિવિધ પધ્ધતિઓથી ઓફલાઇન તાલીમો આપવામાં આવે છે. વર્તમાન સંજોગોમાં કોવીડ-19 મહામારીને કારણે શાળા સલામતી ભાગરુપે માર્ગદર્શન આપતો આપત્તિ જોખમ વ્યવસ્થાપનનો બેઝીક કોર્સ ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન સંસ્થા (GIDM)ના સંપૂર્ણ સહયોગ થકી અને સમગ્ર શિક્ષા ગુજરાત દ્વારા તૈયાર કરવામાં આવેલ છે અને તેને દિક્ષા પ્લેટફોર્મ ઉપર અપલોડ કરવામાં આવેલ છે. આ કોર્સ જોખમો સમયે પોતાને કે સમાજને કઇ રીતે મદદ કરી શકાય તેવો ઉમદા હેતુ સમાયેલો છે. દિક્ષા પ્લેટફોર્મ પરથી ઓનલાઇન માધ્યમ થકી આ કોર્સમાં જોડાઇ શકાય છે.

આ કોર્સ કુલ ૩ યુનિટ(મોડ્યુલ) અને આ યુનિટ(મોડ્યુલ)ને એક-બે સત્રમાં તૈયાર કરેલ છે. શિક્ષણ જગત સાથે જોડાયેલા કોઇપણ વ્યક્તિ અંદાજે ૫ થી ૬ કલાક જેટલાં સમયમાં પૂર્ણ કરી, જોખમ સામે રક્ષણ માટેનું માર્ગદર્શન મેળવી શકે છે. **આ કોર્સને ગુજરાતી અને અંગ્રેજી બન્ને માધ્યમમાં તૈયાર કરવામાં આવેલ છે. પોતાને અનુકુળ ભાષામાં આ કોર્સ કરી શકાશે.** દિક્ષા પ્લેટફોર્મ પરથી આ કોર્સ ઓનલાઇન સંપૂર્ણ પૂર્ણ કર્યા બાદ કોર્સ પૂર્ણ કરવા બદલ સર્ટીફિકેટ ડાઉનલોડ કરી શકાશે.

ઉપરોક્ત બાબત ધ્યાને લઇ આપના જિલ્લાના તમામ પ્રાથમિક તથા માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક-શાળાના મુખ્ય શિક્ષકો ,શિક્ષકો તથા બી .આો.કો.સી.આર.,સી.આો.કો.સી.આર., અને અન્ય માટે આ ઓનલાઇન કોર્સ આગામી ૨૪ -૦૫- ૨૧ થી શરુ થનાર છે, જે ૧૫-૦૬-૨૧ પૂર્ણ કરવાનો થાય. તેવી આપની કક્ષાએથી સુચના અને જાણ કરશો.

રાજ્યની તમામ સરકારી, અર્ધ સરકારી, ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ, KGBV, મોડેલ શાળા, આશ્રમશાળા, અન્ય તમામ પ્રાથમિક શાળાઓ અને માધ્યમિકઉચ્ચત્તર માધ્યમિક શાળ-મિત્રો આ કોર્સમાં જોડાય અને કોર્સ પૂર્ણ કરે તે અંગે આપની કક્ષાએથી જાણકારી અને માર્ગદર્શન આપવા જણાવવામાં આવે છેસદર કોર્સમાં જોડાવવા માટે દિક્ષા પ્લેટફોર્મ પરથીનીચે જણાવેલ ગુજરાતી અથવા અંગ્રેજી માધ્યમની લિંક દ્વારા જોડાઇ શકાશે.

| | |
|---|---|
| A6K2Z7 | ગુજરાતી માધ્યમનાં કોર્સમાં જોડાવવા માટે આપેલ QR કોડ અથવા લિંક દ્વારા જોડાઇ શકાશે. |
| https://diksha.gov.in/explore-course/course/do_313258811065532416131379 | |
| V7Y5G7 | અંગ્રેજી માધ્યમનાં કોર્સમાં જોડાવવા માટે આપેલ QR કોડ અથવા લિંક દ્વારા જોડાઇ શકાશે. |
| https://diksha.gov.in/explore-course/course/do_31323947983294464015336 | |

(પી.ભારતી)

- નકલ સવિનય રવાના જાણ સારું.
  - માન. ડાયરેક્ટર જનરલશ્રી,GIDM,ગાંધીનગર.
  - માન. સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક) શિક્ષણ વિભાગ,ગાંધીનગર.
- નકલ રવાના જાણ સારું.
  - ચેરમેનશ્રી,ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.
  - નિયામકશ્રી,શાળાઓની કચેરી,ગાંધીનગર.
  - નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ,ગાંધીનગર.
  - નિયામકશ્રી,GCERT,ગાંધીનગર.

જા.ન/હસબ/૨૦૨૧/ 6605
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩, જિલ્લા સેવાસદન-૨
અઠવાલાઇન્સ,સુરત
તા.૨૪/૦૫/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી/સંચાલકશ્રી,
સુરત જિલ્લાની સરકારી/બિનસરકારી અનુદાનિત ખાનગી,પ્રાથમિક,માધ્યમિક/ઉ.મા. શાળાઓ તરફ,
૨/-ઉક્ત પત્રથી જાણ તથા કાર્યવાહી કરવા સારું.

વહીવટી અધિકારી,
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
સુરત,જિલ્લો-સુરત